DR. VIRAMBHAI RAJABHAI GODHANIYA
GIRL'S COLLEGE PORBANDAR

શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડૉ. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

મહિલા આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી કોલેજ

# જ્યોતિર્ગમય

(દ્વિમાસિક મુખપત્ર)

To, ____________________

____________________

____________________

પ્રકાશક - Books & Publication Division
Dr. V. R. Godhaniya Mahila College, Porbandar.
મુદ્રક : ''ગેલી'' પોરબંદરમાં છપાવી તે જ સ્થળેથી પ્રગટ કર્યુ. (૦૨૮૬-૨૨૪૮૦૯૧)
વર્ષ : ૪ - અંક : ૩૨ તા.: ઓકટોબર / નવેમ્બર ૨૦૧૩

## ૧) ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં નવરાત્રી રાસોત્સવની ભવ્ય ઉજવણી :-

ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં તા. ૧૧/૧૦/૧૩ રોજ, નવરાત્રીના સાતમા દિવસે મહિલા કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ આનંદભેર ગરબે ઘૂમી શકે તે હેતુથી નવરાત્રી રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે ૯-૦૦ વાગ્યાથી શરૂ કરીને ૧૨-૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીનીઓ ઉમંગભેર રાસોત્સવમાં જોડાઈ હતી અને રાસ રમવાનો આનંદ માણ્યો હતો.



આના માટેની સ્પર્ધાઓમાં વિજેતા થયેલી વિદ્યાર્થીનીઓનાં નામ તરફ એક દ્રષ્ટિપાત કરીએ તો, 'Princess of the College' તરીકે બી.કોમ. સેમેસ્ટર-૧ ની વિદ્યાર્થીની કુ. અંજલી ગોહેલ વિજેતા જાહેર થઇ હતી. આ પછી Top Performance કરવા બદલ બી.એ. સેમ-૩ ની વિદ્યાર્થીની કુ. નિધિ પાણખાણિયાને વિજેતા જાહેર કરવામાં આવી હતી. Best Players તરીકે, (૧) અપેક્ષા ડાભી-બી.કોમ. સેમ-૧, (૨) નેહલ પાણખાણિયા-બી.કોમ. સેમે-૧, (૩) પાયલ પરમાર- બી.એ. સેમે-૧ એ ઈનામો મેળવ્યા હતા.




Well Dressing કરવા માટે, (૧) કિરણ ઓડેદ્રા બી.કોમ. સેમ-૩, (૨) ધાની ઓડેદરા બી.કોમ. સેમે-૫, (૩) ઉર્વશી મોતીવરસ બી.કોમ. સેમે-૩, ને વિજેતા જાહેર કરાયા હતા. ઉપરાંત, Non Traditional Dressing સાથે રાસોત્સવમાં ગરબે ઘૂમતી વિદ્યાર્થીનીઓમાંથી Top-5 ને વિજેતા જાહેર કરવામાં આવી. જેમના નામ જોઇએ તો, (૧) ગીતા ઓડેદરા બી.એ. સેમે-૧, (૨) ઉર્મિલા પાણખાણિયા બી.કોમ. સેમે-૧, (૩) જાનકી મોઢા બી.એ. સેમે-૩ (૪) દિપાલી જોષી બી.એ. સેમે-૩ તથા માધુરી થાનકી બી.એ. સેમે-૧ રહ્યા હતા. આ ઉપરાંત, મહિલા કોલેજમાં અભ્યાસ કરતી Non Gujarati વિદ્યાર્થીની કુ. નીમા નૈનિકાને પણ સુંદર ગુજરાતી વસ્ત્રાભૂષણો સાથે ગુજરાતી સ્ટાઈલથી ગરબે ઘુમવા બદલ એક Special Prize આપવામાં આવ્યું હતું.

ઉપરોક્ત તમામ વિજેતાઓને મહિલા કોલેજ તરફથી શિલ્ડ એનાયત કરી સન્માનિત કરાયા હતા. આ સ્પર્ધાઓમાં નિર્ણાયકશ્રી તરીકેની ભૂમિકા પ્રા. જાનકીબહેન કોટેચા, પ્રા. નીતાબહેન બોરીસાગર તથા ડૉ. જયશ્રીબહેન પરમારે અદા કરી હતી. તથા કાર્યક્રમનું સુંદર સંચાલન કુ. સોનાલી થાનકી તથા કુ. ચાંદની થાનકી બી.કોમ સેમે-૩ એ કરેલ હતું.

તમામ વિજેતાઓને મહિલા કોલેજના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી

કગથરા સાહેબ તથા સમગ્ર કોલેજ પરિવારના સભ્યોએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા કોલેજના સાંસ્કૃતિક સમિતિના કન્વીનરશ્રી ડૉ. ઈલાબહેન થાનકી, ડૉ. મુળજીભાઈ વાઘેલા, પ્રા. સુહાગિનીબહેન ગરાસિયા, પ્રા. વર્ષાબહેન જોષી, ડૉ. ભાવનાબહેન કેશવાલા, પ્રા. ઋષિભાઈ પંડ્યા તથા શ્રી ભારતીબહેન શીંગરખીયાએ જહેમત ઉઠાવી હતી.

## ૨) 'યુવક મહોત્સવ-૨૦૧૩' માં ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓની સિદ્ધિઃ-

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે યોજાયેલ 'યુવક મહોત્સવ-૨૦૧૩' માં તા. ૬ ઓકટોબર, ૨૦૧૩ના રોજ યોજાયેલી સ્પર્ધાઓમાં ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા 'માઈમ' ની રજુઆત કરવામાં આવી હતી. જેમાં સામાજિક કુપ્રથા 'દહેજ' ને કેન્દ્રમાં રાખીને વિદ્યાર્થીનીઓએ મુક અભિનય કર્યો હતો અને તેમાં તૃતીય વિજેતા ક્રમાંક પ્રાપ્ત કરી ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજને ગૌરવ અપાવ્યું છે. આ સ્પર્ધામાં મહિલા કોલેજની (૧) કુ. હિરલ જોષી બી.કોમ. સેમે-૫, (૨) કુ. આરતી લુક્કા બી.કોમ. સેમે-૫, (૩) કુ. નેહલ પાણખાણિયા બી.કોમ. સેમે-૧, (૪) કુ. મિતલ જોષી બી.કોમ. સેમે-૧, (૫) કુ. ફાલ્ગુની શીંગરખીયા બી.કોમ. સેમ-૧ તથા (૬) કુ. જાનકી શર્મા બી.કોમ. સેમે-૧ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓને 'માઈમ' કૃતિની તૈયારી અંગે માર્ગદર્શન અને તાલીમ આપવા માટે મહિલા કોલેજ સાથે સંકળાયેલા શ્રી ચેતનભાઈ દવે એ જહેમત ઉઠાવી હતી.

આ સ્પર્ધામાં ઉત્તમ વિજેતા ક્રમાંક મેળવી પોતાની તથા ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની પ્રતિષ્ઠાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ચમકાવવા બદલ તમામ વિદ્યાર્થીનીઓ તથા શ્રી ચેતનભાઈ દવેને ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સમગ્ર ટ્રસ્ટીગણ તથા પ્રિન્સીપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સીપાલશ્રી કગથરા સાહેબ તથા સમગ્ર મહિલા કોલેજ પરિવારે ખુબ ખુબ અભિનંદન આપ્યા.

## ૩) 'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૩'ની સ્પર્ધાઓમાં ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓનો દબદબો :-

પોરબંદર ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓ અભ્યાસની સાથોસાથ અભ્યાસેતર પ્રવૃતિઓ અને સ્પર્ધાઓમાં પણ અવ્વલ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કરી, તેઓ પોતે તો નામના મેળવી જ રહી છે. સાથોસાથ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજને પણ ગૌરવ અપાવી રહી છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા આયોજીત 'યુવા મતદાર મહોત્સવ-૨૦૧૩' અંતર્ગત, ઓકટોબર-૨૦૧૩ માં કેટલીક સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં મહિલા કોલેજની કેટલીક ઉત્સાહી વિદ્યાર્થીનીઓએ, (૧) જીંગલ્સ-ગીતલેખન, (૨) મેસ્કોટ-પોસ્ટર ડિઝાઈનીંગ તથા (૩) ટુંકી એડ. ફિલ્મ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાની આ સ્પર્ધાઓનું પરિણામ તા. ૯ ઓકટોબર-૨૦૧૩ ના રોજ જાહેર કરવામાં આવ્યું. જેમાં (૧) જીંગલ્સ-ગીત લેખન સ્પર્ધામાં મહિલા કોલેજની કુ. બિનીતા મહેતા બી.એ. સેમે.-૫ ની વિદ્યાર્થીનીએ પ્રથમ વિજેતા ક્રમાંક મેળવ્યો. (૨) મેસ્કોટ-પોસ્ટર ડિઝાઈનીંગ સ્પર્ધામાં કુ. નયના મકાવાણા બી.એ. સેમે-૫ એ પ્રથમ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કર્યો તથા (૩) ટુંકી એડ. ફિલ્મ સ્પર્ધામાં કુ. હિરલ જોષી તથા તેની સખીઓ (ગ્રુપ) બી.કોમ. સેમે-૫ એ પ્રથમ વિજેતા ક્રમાંક તથા કુ. પુજા સિસોદીયા તથા કુ. નિરાલી થાનકી બી.એ. સેમે-૫ એ દ્વિતીય વિજેતા ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. જિલ્લા કક્ષાની આ સ્પર્ધાઓમાં વિજેતા બનેલી આ તમામ વિદ્યાર્થીઓની કૃતિઓને હવે રાજયકક્ષાની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે ગાંધીનગર ખાતે રજુ કરવામાં આવશે.

આ તમામ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ વિજેતા ક્રમાંક મેળવી, કોલેજની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવનાર વિદ્યાર્થીનીઓ- બિનીતા, નયના, પુજા, નિરાલી, હિરલ તથા તેની સખીઓને ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, સમગ્ર ટ્રસ્ટીગણ, પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ, વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરાસાહેબ, પ્રાધ્યાપકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં છે તથા રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં પણ તેમની કૃતિઓ શ્રેષ્ઠ વિજેતા ક્રમાંક પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવી છે. ઉપરની તમામ વિદ્યાર્થીનીઓને આ સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવા માટે શ્રી શરદભાઈ જોષી, શ્રી ચેતનભાઈ દવે, ડૉ. રેખાબહેન મોઢા, ડૉ. સંગીતાબેન પારેખ તથા પ્રા. સુહાગિનીબેન ગરાસિયા.

## ૪) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રશંસનીય કાર્ય :-



**'વિદ્યાર્થી સુરક્ષા યોજના' હેઠળ અત્યંત ટુંકાગાળામાં વિદ્યાર્થીનીના પરિવારને આર્થિક સહાયતા સુપ્રત.**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્ર દરમિયાન એક પ્રશંસનીય કાર્ય હાથ ધરવામાં આવ્યું

જે મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના હેતુથી 'વિદ્યાર્થી સુરક્ષા યોજના' ચલાવવામાં આવી રહી છે. જેમાં અકસ્માત થવાના કારણે જો કોઇ વિદ્યાર્થીનું મૃત્યુ થાય તો તેના પરિવારને રૂ. એક લાખ સુધીની સુધીની આર્થિક સહાયતા કરવાની જોગવાઇ છે. વર્ષ ૨૦૧૩-૧૪ ના પ્રારંભમાં

પોરબંદરની ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં 'કુ. બાબી અનિસા હાજી મોહમદ' નામની વિદ્યાર્થીનીએ બી.કોમ. સેમે-૧ માં પ્રવેશ મેળવ્યો અને ૧૫ દિવસના ટુંકાગાળામાં માત્ર ૧૨ કલાકની ટુંકી બિમારીમાં અનિસાનું દુઃખદ અવસાન થયું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આ વિદ્યાર્થીનીના પરિવારની અત્યંત નબળી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને રૂ. એક લાખની આર્થિક સહાયતા કરવામાં આવી અને આ અંગેનો ચેક પરિવારના સભ્યોને રાજકોટ ખાતે બોલાવીને આપવાને બદલે વિદ્યાર્થીનીની કોલેજ- ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ, પોરબંદર, ખાતે મોકલી આપવામાં આવ્યો. વિદ્યાર્થીનીના માતાપિતા રૂબીનાબહેન અને હાજીમોહમ્મદભાઈ બાબીને બીજા સત્રના પ્રથમ દિવસે જ તા. ૨૧/૧૧/૨૦૧૩ ના રોજ, કોલેજ ખાતે બોલાવીને મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઇ વિસાણા દ્વારા સ્વ. વિદ્યાર્થીનીના માતા શ્રીમતી રૂબીનાબહેન બાબીને અર્પણ કરવામાં આવ્યો.

આ પ્રશંસનીય કાર્યને અત્યંત ટુંકાગાળામાં પરિપૂર્ણ કરવામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા શ્રી બારડસાહેબ તથા ઉપ કુઇપતિશ્રી પાડલિયાસાહેબે અમૂલ્ય સહકાર પૂરો પાડયો તે બદલ સંસ્થાના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા તથા સમગ્ર ટ્રસ્ટીગણે શ્રી પાડલિયા સાહેબ તથા શ્રી બારડસાહેબનો ખૂબ ખૂબ આભાર માન્યો છે.

## ૫) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓની ઝળહળતી સિદ્ધિ :-

ડૉ. વી. આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં હોમસાયન્સ વિદ્યાશાખામાં જુન-૨૦૧૦ થી એપ્રિલ-૨૦૧૩ દરમ્યાન અભ્યાસ કરનાર તેજસ્વી વિદ્યાર્થીની કુ. સંતોક બોખીરીયાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા એપ્રિલ-૨૦૧૩ માં લેવાયેલી B.Sc. Home Science ની પરિક્ષામાં C.G.P.A. ૮૪.૮૦% (૪૨૦૦ માંથી ૩૫૬૨ ગુણ) મેળવી હોમ સાયન્સ વિદ્યાશાખામાં University First ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તા. ૨૪-૧૧-૨૦૧૩ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે યોજાયેલ પદવીદાન સમારંભમાં કુ. સંતોક બોખીરીયાને '૨' ગોલ્ડ મેડલ, (૧)શ્રી આનંદમણિ ગોલ્ડ મેડલ અને (૨) શ્રીમતી ઉષાબહેન એચ. સંઘવી ગોલ્ડ મેડલ એનાયત કરી સન્માનિત કરવામાં આવી છે તથા તેને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃતિ પણ આપવામાં આવી છે. University First Status પ્રાપ્ત કરીને તેણે ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવેલ છે. હાલમાં, આ વિદ્યાર્થીની M.Sc. Home Science નો અભ્યાસ કરી રહેલ છે.

સાથે જ ડૉ. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજની અર્થશાસ્ત્ર વિભાગની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ કુ. અંજના ગાધેર, કુ. નીલમ બાલાસરા અને કુ. રીનુ વસાવા - સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ ખાતે M.A. નો અભ્યાસ કરી રહી હતી. મે-૨૦૧૩ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલી M.A. ની પરિક્ષામાં કુ. અંજના ગાધેર ૬૮.૯૦% સાથે Economics Department માં(ગર્લ્સ વિભાગમાં) પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલ છે તથા કુ. નિલમ બાલાસરાએ ૬૮% અને કુ. રિનુ વસાવાએ ૬૨% સાથે પ્રથમ વર્ગ પ્રાપ્ત કરેલ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી કુ. અંજના ગાધેરને તેણે પ્રાપ્ત કરેલ સિદ્ધિ બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવેલ છે.

આ વિદ્યાર્થીનીઓની કોલેજ મુલાકાત દરમ્યાન ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણાએ આ તમામ વિદ્યાર્થીનીઓને આશીર્વચન આપતા જણાવેલું કે, 'જ્યાં પુરૂષાર્થ છે ત્યાં સિદ્ધિ અને સફળતા છે જ. એ વાત આ ચારેય વિદ્યાર્થીનીઓએ સાબિત કરી આપી છે.' શ્રી ભરતભાઈએ આ તમામ વિદ્યાર્થીનીઓનાં માતા-પિતાને પણ તેમની પુત્રીઓનાં ઉચ્ચશિક્ષણમાં સતત સહકાર અને માર્ગદર્શન આપવા બદલ અભિનંદન આપ્યાં હતા અને વિદ્યાર્થીનીઓને ભાવિ ઉજ્જવળ કારકીર્દિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

સાથોસાથ ડૉ. વી.આર. ગોઢાણિયા શૈક્ષણિક સંકુલના પ્રમુખશ્રી ડૉ. વિરમભાઈ ગોઢાણિયા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, અન્ય ટ્રસ્ટીશ્રીઓ, હોમ સાયન્સ વિદ્યાશાખા અને અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકશ્રી ડૉ. ચેતનાબહેન બેચરા, પ્રા. સ્મિતાબહેન આચાર્ય, ડૉ. કેતનભાઈ શાહ, પ્રા. દક્ષાબહેન ચોટાઈ, પ્રા. ઈલાબહેન થાનકી, ડૉ. ભાવનાબહેન કેશવાલા તથા સમગ્ર કોલેજ પરિવારે આ વિદ્યાર્થીનીઓને તેમણે પ્રાપ્ત કરેલ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યાં હતા.

## ૬) એન.એસ.એસ. અંતર્ગત પ્રવૃતિઓ :-

(૧) તા. ૨/૧૦/૨૦૧૩ ના રોજ ગાંધીજયંતિ નિમિત્તે એન.એસ.એસ.માં જોડાયેલી વિદ્યાર્થીનીઓ દ્વારા કોલેજ કેમ્પસની સફાઈ કરવામાં આવી.

(૨) તા. ૨૪/૧૦/૨૦૧૩ ના રોજ 'મતદાત જાગૃતિ કાર્યક્રમ' અનુસંધાને, 'શ્રી ગુરૂકુલ મહિલા કોલેજ પોરબંદર' ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની મિટીંગમાં ડૉ. ગોઢાણિયા મહિલા કોલેજના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. સંગીતાબહેન પારેખ તથા પ્રા. સુહાગિનીબહેન ગરાસિયાએ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ વાગ્યા દરમ્યાન હાજરી આપી અને આ પછી ૧૨-૦૦ થી ૧-૦૦ દરમ્યાન 'પોરબંદર જિલ્લા ચુંટણી અધિકારી' સાથે મુલાકાત કરવામાં આવી. જેમાં તેમની સુચના અનુસાર, દરેક કોલેજમાંથી બે-બે વિદ્યાર્થીનીઓના નામ 'એમ્બેસેડર' તરીકે મોકલવાનું સુચન કરવામાં આવ્યું.

(૩) ૨૬/૧૦/૨૦૧૩ ના રોજ ઉપરોક્ત સુચન અનુસાર, મહિલા કોલેજમાંથી, (૧) કુ. અંકિતા આંત્રોલિયા-બી.એ. સેમ.-૫ અને (૨) કુ. જાહ્નવી મહેતા-બી.કોમ. સેમે-૫ નાં નામ 'કોલેજ-એમ્બેસેડર' તરીકે જિલ્લા ચુંટણી અધિકારીને મોકલી આપવામાં આવ્યા.

## ૭) અભ્યાસવર્તુળ અંતર્ગત પ્રવૃતિઓ :-

### (૧) કોમર્સ વિદ્યાશાખા-અંગ્રેજી માધ્યમઃ

૧) તા. ૨/૧૦/૨૦૧૩ ના રોજ, ગાંધી જયંતિ નિમિત્તે કોમર્સ (અંગ્રેજી માધ્યમ) ની ૨૦ વિદ્યાર્થીનીઓ તથા પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા કલાસરૂમ તથા કમ્પ્યુટર લેબની સફાઈ કરવામાં આવી.

૨) વકતૃત્વ સ્પર્ધાનું આયોજન તા. ૨૧/૯/૧૩ થી ૫/૧૦/૧૩ દરમ્યાન કરવામાં આવ્યું. જેમાં ૧૭ જેટલી વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિષય- Merits or Demerits of Self Finance College હતો. વિજેતાઓ - ૧) કુ. રિદ્ધિ બોખીરીયા-બી.કોમ. સેમે.-૩ (૨) કુ. નીમા નૈનિકા બી.કોમ. સેમે.-૩ (૩) કુ. ભાવિશા ભગનાણી બી.કોમ. સેમે.-૩ રહ્યા હતા.

આ સ્પર્ધામાં નિર્ણાયકશ્રી તરીકે પ્રા. ઋષિભાઈ પંડયા તથા પ્રા. જાનકીબહેન કોટેચાએ સેવાઓ આપી હતી.

૩) તા. ૧૨/૧૦/૨૦૧૩ રોજ ક્વીઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું. જેનું સંચાલન પ્રા. ધવલભાઈ આરદેશણાએ કર્યું હતું. જેમાં ૧૫ વિદ્યાર્થીનીઓની બનેલી પાંચ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જેની વિજેતા ટીમ - બી.કોમ. સેમે-૩ 'B' Division ની વિદ્યાર્થીનીઓ કુ. નૈનિકા નીમા અને કુ. રિદ્ધિ બોખીરીયા જાહેર કરવામાં આવી.

જેમાં નિર્ણાયકશ્રી તરીકે પ્રા. જાનકીબહેન કોટેચા તથા પ્રા. વિપુલભાઈ દાસાણીએ સેવાઓ આપી હતી.

**(૨) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :**

૧) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ દ્વારા જુલાઈ-૨૦૧૩માં શરૂ કરાયેલ ત્રૈમાસિક Women's Rights Short Term કોર્ષ ઓક્ટોબર-૨૦૧૩ માં પૂરો થયો. તા. ૨૫/૧૦/૨૦૧૩ ના રોજ તેની પરીક્ષા લેવામાં આવી. જેમાં, (૧) કુ. ગીતા ચાવડા, (૨) કુ. જિજ્ઞાસા મોઢા અને (૩) કુ. શીતલ ધનેશા - પ્રથમ ત્રણ ક્રમે ઉતીર્ણ થઇ હતી. ત્રણેય વિદ્યાર્થીનીઓ B.A. Sem-5 છે.

૨) સમાજશાસ્ત્ર અભ્યાસ વર્તુળ દ્વારા ચલાવવામાં આવતા U.G.C. માન્ય Short Term Course (Women Empowerment 3 levels) નો પ્રથમ તબક્કો Certificate course પણ ઓક્ટોબર-૨૦૧૩ માં પૂર્ણ થયો. આ કોર્ષના અનુસંધાને પોરબંદર નજીકના ગ્રામીણ સમુદાય 'પાંડાવદર' ની આ કોર્ષમાં જોડાયેલ વિદ્યાર્થીનીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી તથા ગામની સ્ત્રીઓની શૈક્ષણિક, કૌટુંબિક, આર્થિક સ્થિતિ, સમસ્યાઓ તથા જરૂરિયાતો અંગેની માહિતિ 'સર્વેક્ષણ' દ્વારા મેળવવામાં આવી તથા આ કોર્ષની પરિક્ષાનું આયોજન પણ ૨૫/૧૦/૧૩ ના રોજ કરવામાં આવ્યું. જેનું પરિણામ સર્વે રિપોર્ટ તથા Viva પૂર્ણ થયે જાહેર કરવામાં આવશે.

**(૩) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ :**

૧) અર્થશાસ્ત્ર અભ્યાસ વર્તુળ દ્વારા ચલાવવામાં આવતો ત્રૈમાસિક Short Term Course Rural Development પણ ઓક્ટોબર-૨૦૧૦ માં પૂરો થયો. જેની પરિક્ષાનું આયોજન તા. ૪-૧૦-૨૦૧૩ના રોજ કરવામાં આવ્યું. જેમાં (૧) કુ. જયના થાનકી (૨) કુ. દેવલ જોષી, (૩) કુ. રિદ્ધિ જોષી B.A.Sem-3 એ ત્રણ વિદ્યાર્થીનીઓ પ્રથમ ત્રણ નંબરે ઉતીર્ણ થઇ.

**૮) વર્ષગાંઠ અભિનંદન :-**

પ્રસ્તુત અંકમાં ડિસેમ્બર-૨૦૧૩ અને જાન્યુઆરી-૨૦૧૪માં જેમની વર્ષગાંઠ આવી રહી છે. તેમને સૌ પ્રથમ વખત વર્ષગાંઠની શુભકામનાઓ પાઠવતાં 'જ્યોતિર્ગમય' ની ટીમ અત્યંત આનંદ અનુભવે છે.

તો આ રહ્યાં ડૉ. વી.આર. ગોઢાણિયા કોલેજ પરિવારના એ સભ્યો જેમની વર્ષગાંઠ ડિસેમ્બર-૨૦૧૩ તથા જાન્યુઆરી-૨૦૧૪માં આવી રહી છે.

**ડિસેમ્બર-૨૦૧૩**

૧) તા. ૦૪- ડિસેમ્બર આદરણીય ટ્રસ્ટીશ્રી શ્રીમતી જયશ્રીબહેન વિરમભાઈ ગોઢાણિયા

૨) તા. ૦૧- ડિસેમ્બર વાઈસ પ્રિન્સિપાલશ્રી કગથરા સાહેબ

૩) તા. ૨૧- ડિસેમ્બર પ્રા. દક્ષાબહેન ચોટાઈ

**જાન્યુઆરી-૨૦૧૪**

૧) તા. ૨૭-જાન્યુઆરી આદરણીય મેનેજીંગ ટ્રસ્ટીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા

૨) તા. ૦૪-જાન્યુઆરી ડૉ. ગીતાબહેન ઉનડકટ

૩) તા. ૦૬-જાન્યુઆરી પ્રા. દેવાયતભાઈ બાકુ

૪) તા. ૨૯-જાન્યુઆરી શ્રી સુનીતાબહેન પોપટીયા

**૯) ટીચર્સ કોર્નર :- અંગ્રેજી વિભાગ :**

ૐ સૂર્યાય નમઃ

આપણે સવારે સૂર્યોદય જોઇએ ત્યારે મન સહજ રીતે પ્રફુલ્લિત થઇ જાય છે. લાલ સૂર્યના હુંફાળા કિરણો નવી સંભાવનાઓ લાવે છે. તેની સામે નિઃશબ્દ આંખો મિંચીને ઉભા રહો એટલે સમગ્ર મન શરીરમાં તેની ઉજ્જવળ ઉર્જા અનુભવાય છે અને આપણી જડતા, આળસ, પ્રમાદ ક્ષણભરમાં અદશ્ય થાય છે. કુદરત તરફથી મળતી આ અણમોલ ભેટનો આપણે વર્ષમાં કેટલીવાર અનુભવ કરીએ છીએ તે વિચારવા જેવું છે.

ડૉ. સુલભા દેવપુરકર

**શ્રીમદ્ ભગવદ્ ગીતા એ અણમોલ હીરો છે. એના જેટલા પાસા તપાસીએ તેટલી તેની ચમક વધુ ને વધુ આકર્ષે છે.**

જે આત્મજ્ઞાની છે. મોક્ષભિલાષી છે તેવી વ્યકિત સમસ્ત જડ-ચેતનનું દર્શન પોતાના આત્મામાં કરે છે અને પોતાનું આત્મદર્શન એ તમામ જડ-ચેતનમાં પણ કરે છે. આ પ્રકારે સર્વાત્મદર્શનને કારણે સર્વત્ર આત્મદર્શનને થાય છે કારણ કે, એ કોઇને પણ ધૃણા કે તિરસ્કાર કરતો નથી.

જ્યારે પણ જે આત્મદર્શીને સર્વ જડ-ચેતન પ્રાણીમાત્રમાં પરમાર્થતત્વ, આત્મતત્વના દર્શન થઇ જાય છે ત્યારે સર્વમાં આ પ્રકારે એકત્વ જોનારને શું દુઃખ કે મોહ હોઇ શકે? અથવા આવા આત્મજ્ઞાનીને પછી કોઇ જ દુઃખ કે મોહ હોતો નથી.

Prof. Nita Borisagar

## Silence & Smile

Silence & Smile
are two powerful tools,
Smile is the way to slove
many problems and
silence is
the way to avoid many
problems

Prof. Mahesh Kikani

## Contemporary Academic Scenario

While talking about modern Indian Education an overview of the key developments in the Indian educational landscape, reveals the fact that, in the last few decdes it seems to have been influenced by various strands of thinking including those coming from Western education system. Invoking the idea of quality in education has permitted us to draw attention to often neglected issues that are at the heart of the educational process – these include aspects such as selection of teachers and their professional development, among others. Nowadays U.G.C. and other government bodies have introduced various competitive exams like NET, TAT, TET and so on in order to ensure unbiased and effective selection of competitive teachers. Moreover, teachers are encouraged to indulge in research and educational institutes are regularly appraised by various government bodies like NAAC to ascertain growth and development of teachers along with the educational institutions. As far as western influence is concerned, its widespread effect is clearly visible on our curriculum, pedagogy and assessment systems. We are offering top-notch curriculum ensuring not only vocational success but also multifaceted development of our students. Prevalent use of modern technology in the field of education has improved pedagogy drastically. It has made learning process effortless, exhaustive and time saving. Our assessment system has included internal evaluation and MCQ which in turn has increased the regularity and active regular participation of students in the teaching learning process dramatically. However, our semester system, though it has many advantages, has amplified burden on students as well as teachers. To sum up, we can say that when we compare our current academic trends with the situation in past we would undeniably notice radical transformation which is
still galloping towards perfection.

Rushi Pandya

## <u>સંસ્કૃત વિભાગ :-</u>

ગુરૂ હોંશિયાર અને નબળા બંને પ્રકારના વિદ્યાર્થીઓને સમાવ ભાવે વિદ્યા આપે છે. તેમના જ્ઞાનમાં વિશેષ શકિત મુકતા નથી કે શકિત સંહરતા નથી. છતાં ફળની બાબતમાં ઘણો મોટો તફાવત જોવા મળે છે. તે એના જેવું છે કે મણિ સૂર્યના કિરણોનું પ્રતિબિંબ ઝીલી લે છે, જ્યારે માટીનો સમૂહ તેમ કરી શકતો નથી.

ડૉ. ગીતા ઉનડકટ

સારા કે ખરાબ માટે પણ તમારી વાતચીત એ જ તમારી જાહેરખબર છે. જેટલીવાર તમે મોઢું ઉઘાડો એટલીવાર તમારા મગજની અંદર નજર નાખવાની તક લોકોને તમે આપો છે.

પ્રા. વર્ષા જોષી

## ૧૦) સ્ટુડન્ટ કોર્નર :-

### ‘મકરસક્રાંતિ’

શિયાળાનો મુખ્ય તહેવાર એટલે મકરસક્રાંતિ. જે ૧૪મી જાન્યુઆરીની તારીખે દર વર્ષે આવે છે. મકરસક્રાંતિ એ એવો તહેવાર છે જે એક જ તારીખે આવે છે. બીજા તહેવારોની તારીખો બદલતી રહે છે. આ દિવસથી સુરજ કર્ક રાશિમાં પ્રવેશે છે. પહેલા સૂર્ય મકર રાશિમાં ફરતો હોય છે. એટલા માટે આ પર્વને મકરસક્રાંતિ કહેવામાં આવે છે.

મકરસક્રાંતિ એટલે તલના લાડુનો દિવસ. મકરસક્રાંતિના દિવસે આપણા ઘરમાં તલના લાડુ થાય છે. સૌને ખવડાવે છે. આ ઋતુમાં તલ અને ગોળ જેવી શકિતવર્ધક વસ્તુઓ ખવાય તો સ્વાસ્થ્ય સારું રહે છે. આ દિવસે આખું આકાશ રંગબેરંગી પતંગોથી ભરાય છે. ઘરના બધા સભ્યો અગાસી પર ચડીને પતંગોનો ઉત્સવ માણે છે. લોકો પતંગોનો પેચ લગાવીને તેને દોરા વડે કાપી નાખે છે અને સાથે મળીને ‘કાય પો છે... તે પરથી આ ગીત ગવાયુ છે.

‘‘ઢીલ દે દે રે ભૈયા, ઉસ પતંગ કો ઢીલ દે..’’

આ પતંગ મહોત્સવ ખાસ કરીને આપણા ગુજરાતમાં- અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સુધી થાય છે. કરણના રણમાં વિદેશથી લોકો આવે છે અને તેમાં પતંગોત્સવમાં ભાગ લે છે. તે મોટો મહોત્સવ તરીકે પ્રખ્યાત છે.

ઉત્તરાયણ એટલે ઉત્તરના અયન કે અક્ષાંશ તરફ ખસવું એવું કહેવાય છે. આ દિવસથી દિવસ લાંબો અને રાત ટૂંકી થાય છે. આ દિવસથી ઉત્તર ગોળાર્ધમાં પવનની દિશા બદલાય છે. પવનની દિશા જાણવા માટે પતંગ ચગાવવામાં આવે છે. આ ભૌગોલિક લોકો પેચ લગાવીને એકબીજાની પતંગ કાપીને ખુશ થાય છે. બાળકો, વડીલો અને વૃદ્ધો પણ આ ઉત્સવને આનંદથી માણે છે.

કામરીયા ભગવતી એમ. B.A.SEM-5 Gujarati

## संक्रांति

पल पल सुनहरे फूल खिले,
कभी ना हो कांटो का सामना
जिंदगी आपकी खुसीयों से भरी रहे
संक्रांति पर हमारी यही शुभकामना
-कु. नयना मकवाणा बी.अे. सेमे-५ संस्कृत

मीठे गुड मे मिल गया तील
उडी पतंग और खिल गये दिल
हरपल सुख और हर दिन शांति पाओ
भगवान से यही दुआ हमारी
आप संक्रांति की खुसिया मनाओ
-कु. आरती राठोड बी.अे. सेमे-५ संस्कृत

मकर संक्रांति के दिन
आपके जिवन का अंधेरा छूट जाए
ज्ञान के प्रकाश से आपका
जीवन उज्जवल हो जाये
-कु. मितल कीरी बी.ए. सेमे-५ समाजशास्त्र

मीठी बोली मीठी जुबान
मकर संक्रांति का यही है पैगाम
-कु. पुजा मोढा बी.ए. सेमे-५ समाज शास्त्र

बाजरे की रोटी, नीबू का आचार
सूरज की किरने, चंदा की चांदनी
और अपनो का प्यार, हर जीवन हो खुशहाल
मुबारक हो आपको, संक्रांति का त्योहार
-कु. पुजा सिसोदिया बी.ए. सेमे-5 समाजशास्त्र

## 'સ્ત્રી સશકિતકરણ'

આપણો સમાજ એ પુરૂષ પ્રધાન સમાજ છે, પરંતુ સ્ત્રી વિનાના સમાજની કલ્પના એ અશકય બાબત છે. સ્ત્રી પોતાના જીવનમાં દિકરી, બહેન, પત્ની, વહુ, માતા, સાસુ વગેરે જેવી ભુમિકાઓ ભજવતી હોય છે. સફળ લોકોના જીવન પરથી તારણ કાઢ વામાં આવે તો તે સફળતા પાછળ સ્ત્રીની ભુમિકા મહત્વની જોવા મળે છે, પછી તે એક પુત્રી હોય, માતા હોય કે પત્ની હોય, પરંતુ આજના યુગમાં જયાં સ્ત્રી પુરૂષ સમોવડી સાબિત થાય છે ત્યારે પણ સ્ત્રી સશકિતકરણની તાતી જરૂરિયાત અને આપણા સમાજમાં રહેલી વિકાસની ઉણપ અલગ તરી આવે છે.

ગોઢાણિયા સરોજ બી.
બી.કોમ. સેમે-૨

આવી ગયો ગોળ લાડુ ખાવાનો તહેવાર
સાથે લાવ્યો રંગબેરંગી પતંગો
આકાશમાં જાય છે પતંગો બાળકોની
સાથે મોકલે છે લોકો પોતાનો સંદેશ
ધનુષ રંગથી ઘેરાય જાણે આકાશમાં
રાત્રે મોકલે લોકો દીવા અને
કરે છે આકાશનું સન્માન
ચૌદમી તારીખે આવે છે મકરસક્રાંતિ
મોકલાવે છે લોકો દિકરીને ખીચડો
ઘાસ ગાયોને નાખીને કરે છે દાન
પતંગ કાપવામાં આવે છે મજા લોકોને
અને કહે છે સાથે મળીને, **'કાય પો છે...'**
કામરીયા ભગવતી એમ.
T.Y.B.A. Gujarati

## SMILE

Speak what would people to me
This I oft ponder
In spite of all prodding
Stops not this smile...

As a silver lining amidst clouds dark
Tender yet sending out
Strong emotions in hundreds
Stops not to keep a distance...

A jump sudden on soft eyelids
Sleep vanishing in forms varied
At times a droplet from the Himalayas
Stops not this smile...

Sometimes with t he flying leaflets
I meet my heart's love
Who stretches hands from the waves
Calling me ashore...

Keep not I world's knowledge
And bursts forth in innocent laughter
In spite of all prodding! Oh,
Stops not this smile...

## ૧૧) તંત્રી સ્થાનેથી :-

જગતમાં અનેક અલૌકિક ગ્રંથ નિર્માણ થયા છે. પણ તેમાંનો એક પણ ગ્રંથ એવો નથી કે જેની જયંતિ ઉજવાતી હોય. શ્રીમદ્ ભાગવત ગીતા જ એક એવો ગ્રંથ છે કે તેની હજારો વર્ષોથી જયંતિ ઉજવાય છે અને તે દિવસ એટલે માગસર સુદ એકાદશી છે. સંસારથી ભ્રમિત થયેલા મનને શાંતિ આપનાર અને નિષ્કામ કર્મયોગના આચરણથી માનવીને પ્રવૃત કરી, સંસારના બંધનોમાંથી મુકત થવાનો રાહ દેખાડનાર, સહુ સહજ રીતે સમજી શકે તેવો બીજો કોઈ ગ્રંથ કેવળ સંસ્કૃતભાષામાં જ નહીં, પણ જગતના કોઈ પણ સાહિત્યમાં મળવો મુશ્કેલ છે. આત્મજ્ઞાનના અનેક ગહન સિદ્ધાંતોને સહુ કોઇ આત્મસાત કરી શકે તેવો પ્રાસાદિક છતા જ્ઞાનયુકત ભકિતરસથી ભરેલો આ ઉત્તમ કાવ્યગ્રંથ છે. આથી તે દિવસે ગીતામાના અમૃતનું રસપાન કરીને, જીવન અમૃતમય બનાવવાનો સંકલ્પ લઇ શકાય, તો જીવન ધન્ય બની જાય. આખી ગીતાના સિદ્ધાંતો આચરણમાં ન મુકાય તો કાંઇ નહીં, પણ એક મંત્રને તો આચરણમાં લાવવાનું મનુષ્યે કરવો જ જોઇએ અને તેમ થાય તો જ ગીતાજયંતિના દિવસે તેણે શ્રીમદ્ ભાગવત ગીતાની ખરી પુજા કરી ગણાય.

(૧) ડૉ. રેખાબહેન એચ. મોઢા
(૨) પ્રા. વર્ષાબહેન બી. જોષી
(૩) પ્રા. કલ્પનાબહેન જોષી
(૪) પ્રા. ઋષિભાઈ પંડયા
(૫) શ્રી સુરેશભાઈ ગોરસિયા